# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## નવમી વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓની યાદી

### (સમયગાળો : તા.૦૫/૦૮/૨૦૧૭ થી ૦૪/૦૮/૨૦૨૦)

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. સી.જે. ડાંગરીયા, માન.કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | ચેરમેન |
| ૨ | ડૉ. એસ.આર. ચૌધરી, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૩ | ડૉ. ઝેડ.પી. પટેલ, ડીન, કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ.ડાંગ | સભ્ય |
| ૪ | ડૉ. બી.એન. પટેલ, ડીન, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૫ | ડૉ. એન.એચ. કેલાવાલા, ડીન, વનબંધુ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૬ | ડૉ. એચ.આર. પંડયા, ડીન, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૭ | ઈજ. પી.આર. પાંડે, ડીન, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, નકૃયુ, દેડીયાપાડા, જિ.નર્મદા | સભ્ય |
| ૮ | ડો. આર.એમ.પટેલ, ડીન, અસ્પી શકીલમ એગ્રી. બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | સભ્ય |
| ૯ | ડૉ. આર.ડી.પંડયા, પ્રાધ્યાપક અને વડા, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૧૦ | ડૉ. ઓ.ડી.વનપરીયા, સહ પ્રાધ્યાપક વિસ્તરણ), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૧૧ | ડૉ. એમ.આર. ભટ્ટ, આચાર્ય, કૃષિ પોલીટેકનીક,નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ | સભ્ય |
| ૧૨ | ડૉ. સી.કે. ટીંબડીયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૧૩ | પ્રો. એમ.ડી. લાડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ઘઉ સંશોધન કેન્દ્ર, નકૃયુ, બારડોલી–૩૯૪૬૦૨, જિ.સુરત | સભ્ય |
| ૧૪ | શ્રી નરેન્દ્ર રેવર, પ્રોગ્રામ કોર્ડીનેટર, જીવન તીર્થ, ગાંધીચોક, તા. વાલીયા, જિ. ભરૂચ | સભ્ય |
| ૧૫ | શ્રી રામકુમારસિંહ, સંચાલક અને મેનેજીંગ ટ્રસ્ટી, સુરૂચી શિક્ષણ વસાહત ટ્રસ્ટ,<br>નવસારી રોડ, ધૂલીયા ચાર રસ્તા, બારડોલી, જિ. સુરત | સભ્ય |
| ૧૬ | શ્રી રાકેશ વારીયાર, એડીશનલ ચીફ પ્રોગ્રામ એકઝીકયુટીવ, ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (બાયફ),<br>વૃંદાવન કેમ્પસ, મુ.લાછકડી, પો. ગંગપુર, તા. વાંસદા, જિ. નવસારી. | સભ્ય |
| ૧૭ | ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૧૮ | બાગાયત નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૧૯ | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૨૦ | શ્રી મનોજભાઈ નારણભાઈ પટેલ, મુ. શેખપુર, પટેલ ફળિયું, પોષ્ટ/વાયા–સાયણ,<br>તા. કામરેજ, જિ. સુરત પીન–૩૯૪૧૩૦ | સભ્ય |
| ૨૧ | શ્રીમતી લીલાબેન શીંગાભાઈ ગામીત, મુ. બેડી, જુનું પટેલ ફળિયું, પોસ્ટ–વાઝરડા, તા. સોનગઢ, જી. તાપી | સભ્ય |
| ૨૨ | ડૉ. એસ.ડી. કવાડ, સહ પ્રાધ્યાપક(વિસ્તરણ), વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૨૩ | ડૉ. જી.આર. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય<br>સચિવ |

# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## વિસ્તરણ શિક્ષણ પરિષદની નવમી બેઠકની મુદ્દાનોંધ

**તારીખ :** ૨૯/૦૯/૨૦૧૭ **સમય :** સવારના ૧૦.૦૦ કલાકે

**સ્થળ :** અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારીનો કોન્ફરન્સ રૂમ

| મુદ્દા નં. | મુદ્દાની વિગત | પાના નં. |
|---|---|---|
| ૯.૧ | નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવા બાબત... | ૧ |
| ૯.૨ | વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત... | ૨–૩ |
| ૯.૩ | ભારત સરકાર તરફથી મંજૂર થયેલ "ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ" હેઠળ મંજૂર થયેલ પ્રોજેકટની નોંધ લઈને મંજૂરી આપવા બાબત... | ૪ |
| ૯.૪ | નવસારી કૃષિ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે થયેલ દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) ની કાર્યવાહીને મંજૂરી આપવા બાબત... | ૫ |
| ૯.૫ | બેકરીશાળાના એક અઠવાડીયાના તાલીમવર્ગની ફીમાં વધારો કરવા બાબત... | ૬ |
| ૯.૬ | વિસ્તરણ શિક્ષણ યુનિટની કચેરીની તાંત્રિક જગ્યાઓનું નવું નામાભિકરણ કરવા બાબત... | ૭ |
| ૯.૭ | અધ્યક્ષ સ્થાનેથી રજૂ થનાર મુદ્દાઓ... | ૮ |

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦

**મુદ્દા નં.૯.૧ : નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠક તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધ આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં સાદર રજૂ કરેલ છે. વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ મજકૂર કાર્યનોંધ મંજૂર કરે તે માટે દરખાસ્ત છે.

**–: ઠરાવ :–**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવામાં આવે છે.

**મુદ્દા નં.૯.૨ : વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠક તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ સમીક્ષા કરીને નોંધ લે તે માટે દરખાસ્ત છે.

| મુદ્દા નં. | વિગત | કાર્યનોંધના નિર્ણય પર થયેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૮.૧ | નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની સાતમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવા બાબત... | કાર્યનોંધ મંજૂર કરવામાં આવી. |
| ૮.૨ | વિસ્તરણ શિક્ષણ પરિષદની સાતમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત... | નોંધ લીધી. |
| ૮.૩ | યુનિવર્સિટી હસ્તકના ત્રણેય કીસાનઘરોનું નવું નામાભિકરણ કરવા બાબત... | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારીની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/ વેબ–૨૭(૧)/૨૦૧૬ તા.૩૦/૦૮/૨૦૧૬થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૪ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેડીયાપાડા, જિ.નર્મદા ખાતે HRT-2 યોજના અંતર્ગત "પ્લગ નર્સરી" અંગે થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત... | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સંચાલક મંડળની તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ છત્રીસમી બેઠકમાં મુદ્દા નં.૩૬.૧૬(૧)થી આ અંગેની મુદ્દાનોંધ રજૂ કરવામાં આવેલ હતી, જે અન્વયે સંચાલક મંડળે કરેલ ઠરાવ મુજબ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/સંમં–૩૬/ટી–૧/વેબ–૩૮/૨૦૧૬થી જાહેરનામું નં.૫૭૨/૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૫ | સોલાર પેનલોની વચ્ચે ખાલી પડેલ જગ્યા/ જમીનમાં ખેતી અને ઘાસચારા પાકોની શકયતા તપાસવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ(GIPCL) વચ્ચે થયેલ કરારનામા (Mou)ની કાર્યવાહીને બહાલી આપવા બાબત... | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સંચાલક મંડળની તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ છત્રીસમી બેઠકમાં મુદ્દા નં.૩૬.૧૭થી આ અંગેની મુદ્દાનોંધ રજૂ કરવામાં આવેલ હતી, જે અન્વયે સંચાલક મંડળે કરેલ ઠરાવ મુજબ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/સંમં–૩૬/ટી–૧/વેબ–૩૯/૨૦૧૬થી જાહેરનામું નં. ૫૭૩/૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૬ | કઠોળ પાકોનું ગુણવત્તાયુકત બીજ ઉત્પાદન વધારવાના હેતૂસર "સીડ હબ" ઉભુ કરવા માટે ભારત સરકાર તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને બીજ ઉત્પાદન લક્ષ્યાંકોની નોંધ લઈને બહાલી આપવા બાબત... | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સંચાલક મંડળની તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ છત્રીસમી બેઠકમાં મુદ્દા નં.૩૬.૧૬(૨)થી આ અંગેની મુદ્દાનોંધ રજૂ કરવામાં આવેલ હતી, જે અન્વયે સંચાલક મંડળે કરેલ ઠરાવ મુજબ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/સંમં–૩૬/ટી–૧/વેબ–૩૮/૨૦૧૬થી જાહેરનામું નં.૫૭૨/૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૭ | મગફળી સંશોધન નિર્દેશાલય, ICAR, જુનાગઢ દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ માટે આદિજાતિ પેટા યોજના અંતર્ગત મગફળી પાકના નિર્દશનો માટે ગ્રાન્ટની થયેલ ફાળવણીની નોંધ લઈને બહાલી આપવા બાબત... | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સંચાલક મંડળની તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ છત્રીસમી બેઠકમાં મુદ્દા નં.૩૬.૧૬(૩)થી આ અંગેની મુદ્દાનોંધ રજૂ કરવામાં આવેલ હતી, જે અન્વયે સંચાલક મંડળે કરેલ ઠરાવ મુજબ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/સંમં–૩૬/ટી–૧/વેબ–૩૮/૨૦૧૬થી જાહેરનામું નં.૫૭૨/૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૮.૮ | 'સબ મિશન ઓન એગ્રીકલ્ચરલ મીકેનાઈઝેશન' યોજના અંતર્ગત યુનિવર્સિટીને ફાળવેલ ભૌતિક અને નાણાંકિય લક્ષ્યાંકોની કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને કરેલ પુનઃ ફાળવણીની નોંધ લઈને બહાલી આપવા બાબત... | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સંચાલક મંડળની તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ છત્રીસમી બેઠકમાં મુદ્દા નં.૩૬.૧૬(૪)થી આ અંગેની મુદ્દાનોંધ રજૂ કરવામાં આવેલ હતી, જે અન્વયે સંચાલક મંડળે કરેલ ઠરાવ મુજબ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/સંમં–૩૬/ટી–૧/વેબ–૩૮/૨૦૧૬થી જાહેરનામું નં.૫૭૨/૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૯ | "સંકલિત આદિજાતિ વિકાસ યોજના" અંતર્ગત યુનિવર્સિટી હેઠળના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારીને ફાળવેલ ગ્રાન્ટ અને કામગીરીની નોંધ લઈને બહાલી આપવા બાબત... | વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ દ્વારા સદર બાબતની નોંધ લઈને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૮.૧૦ | રાજય સરકાર પ્રેરિત નવો ૬ માસનો "સર્ટીફીકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન શરૂ કરવા તથા "ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ બંધ કરવા બાબત... | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારીની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/વેબ–૨૭(૨)/૨૦૧૬ તા.૩૦/૦૮/૨૦૧૬થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| ૮.૧૧ | બેકરીશાળાના સુધારેલ વિનિયમો મંજૂર કરવા બાબત... | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારીની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/વેબ–૨૭(૩)/૨૦૧૬ તા.૩૦/૦૮/૨૦૧૬થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |

**નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ અન્વયે ઉપર મુજબ લેવાયેલ પગલાંની સમીક્ષા કરીને વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ તેની નોંધ લે તેવી વિનંતી છે.**

**–: ઠરાવ :–**

**નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની સમીક્ષા કરીને તેની નોંધ લીધી.**

## મુદ્દા નં.૯.૩ : ભારત સરકાર તરફથી મંજૂર થયેલ "ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ" હેઠળ મંજૂર થયેલ પ્રોજેકટની નોંધ લઈને મંજૂરી આપવા બાબત...

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી તરફથી Farmer FIRST Programme (FFP) હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે "Ensuring Livelihood Security for Small and Marginal Farmers of South Gujarat" પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ હતો.

સદરહુ પ્રોજેકટના મુખ્ય હેતુઓમાં (૧) કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોના સહયોગથી ખેડૂતની પરિસ્થિતીમાં ખેડૂતોના ખેતરો પર સંશોધનના અખતરાંઓ ગોઠવીને નવીન ટેકનોલોજી વિકસાવવી અને ખેડૂત સમુદાયમાં તેનો સુચારુ અમલ કરાવવો અને (૨) ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચેનો સંપર્ક અને સંવાદ સદૃઢ બનાવીને ખેતીની સ્થાનિક સમસ્યાઓની ઓળખમાં, પ્રાથમિકતા નકકી કરવામાં અને અખતરાઓ ગોઠવવામાં ખેડૂતોની મધ્યસ્થ ભૂમિકા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. આ પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માટે નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

| અ.નં. | ગ્રાન્ટની ફાળવણી (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | કુલ ગ્રાન્ટ |
| ૧ | ૯.૯૩ | ૩૫.૬૫ | **૪૫.૫૮** |

આ યોજના અંતર્ગત યુનિવર્સિટી કક્ષાએ એક Institute Advisory Committee (IAC)ની રચના કરવામાં આવેલ છે તેમજ ૬ (છ) મોડયુલ્સ નકકી કરીને મોડયુલ વાઈઝ વૈજ્ઞાનિકોની ૬ (છ) પ્રોજેકટ ટીમોની રચના કરવામાં આવેલ છે. આ ટીમો દ્વારા પસંદ કરેલ ત્રણ ગામોમાં ખેડૂતોની સહભાગિતાથી હાલ વિવિધ ટેકનોલોજીના અખતરાંઓ અને પ્રચાર પ્રસારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહેલ છે. આમ, ખેતી અને ખેડૂતના વિકાસના હેતૂસર મંજૂર થયેલ "ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ" હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ સંચાલક મંડળને ભલામણ કરે તેવી વિનંતી છે.

**—: ઠરાવ :—**

ખેતી અને ખેડૂતના વિકાસના હેતૂસર મંજૂર થયેલ "ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ" હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ સર્વાનુમતે ભલામણ કરે છે.

## મુદ્દા નં.૯.૪ : નવસારી કૃષિ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે થયેલ દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) ની કાર્યવાહીને મંજૂરી આપવા બાબત...

નવસારી કૃષિ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓના સંસાધનો અને કુશળ માનવબળના સમુચિત ઉપયોગ થકી દક્ષિણ ગુજરાતની ખેતી અને ખેડૂતોના વિકાસ માટે હાથ ધરવામાં આવતી ખેડૂતલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓને વધુ અસરકારક અને સુદૃઢ બનાવવાના હેતૂસર નીચે મુજબ ચાર દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) કરવામાં આવેલ છે.

| S.N. | Institute | Date | Main Objective |
|---|---|---|---|
| 1 | Petroleum Conservation Research Association (PCRA), Mumbai | 16-12-2016 | To promote fuel efficiency of tractors and pump-sets or any other farm equipment by organizing training, workshop, seminar, krushi mela etc. for farmers, tractor drivers and technisians. |
| 2 | CNH Industrial (India) Pvt. Ltd. New Delhi | 26-12-2016 | To initiate and promote skill, knowledge and importance of farm mechanization among farmers, villgers, artisans and technisians. |
| 3 | Development Support Agency of Gujarat, Tribal Development Department, Gandhinagar | 11-01-2017 | Strategic partnership for Agricultural Services in Integrated Tribal Development Programme Areas for upliftment of tribal farmes of South Gujarat. |
| 4 | Agriculture Skill Council of India (ASCI), Gurgaon, Haryana | 30-01-2017 | Skill development training for quality vocation education in agriculture and allied sectors. |

આમ, પેટ્રોલિયમ ઈંધણ બચત અને ઉર્જા સંરક્ષણ, ખેત યાંત્રિકીકરણ, આદિવાસી વિસ્તારોમાં કૃષિ વિષયક સેવાઓ અને કૃષિમાં કૌશલ્ય તાલીમ જેવા ક્ષેત્રે ખેડૂતોના હિતમાં ઉપર મુજબ કરવામાં આવેલ ચાર દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) ની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ સંચાલક મંડળને ભલામણ કરે તેવી વિનંતી છે.

**—: ઠરાવ :—**

નવસારી કૃષિ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે થયેલ ઉપર્યુકત ચાર દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) ની કાર્યવાહીની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ સર્વાનુમતે ભલામણ કરે છે.

**મુદ્દા નં.૯.૫ : બેકરીશાળાના એક અઠવાડીયાના તાલીમવર્ગની ફીમાં વધારો કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના વિસ્તરણ શિક્ષણ યુનિટ હેઠળ ચાલતી બેકરીશાળા ખાતે ૨૦ અઠવાડિયાના પ્રમાણપત્ર અભ્યાસક્રમ ઉપરાંત એક અઠવાડીયાના તાલીમ વર્ગો પણ ચલાવવામાં આવે છે. આ અઠવાડીક તાલીમ વર્ગ દરમ્યાન મહિલાઓ અને ગ્રામ્ય યુવકોને બેકરીની વિવિધ વાનગીઓ જેવી કે; બિસ્કીટ, નાનખટાઈ, સુરતી બટર, ખારી, વેજીટેબલ પફ, પિઝા, બ્રેડ, મેલ્ટીંગ મોમેન્ટ, ડો નટસ કેક વિ. તૈયાર કરવાની પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે.

એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોમાં ફી પેટે હાલ તાલીમાર્થી દીઠ માત્ર રૂા. ૨૦૦/–લેવામાં આવે છે. તાલીમ દરમ્યાન તૈયાર થયેલ બેકરી બનાવટોની ૫૦% પ્રોડકટસ તાલીમાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં તાલીમવર્ગ દરમ્યાન પુરી પડાતી કાચી સામગ્રીના ભાવોમાં થયેલ વધારાને લક્ષમાં લઈને નીચે કોઠામાં દર્શાવ્યા મુજબ તાલીમ ફીમાં વધારો કરવાની જરૂરીયાત જણાય છે.

| અ.નં. | ફીની વિગત | હાલની ફી રૂા. | સૂચિત ફી રૂા. |
|---|---|---|---|
| ૧ | પ્રવેશ ફી | ૧૦૦/– | ૧૦૦/– |
| ૨ | રીવોલ્વીંગ ફંડ(વસ્તુ વપરાશ ખર્ચ) | ૧૦૦/– | ૩૦૦/– |
| | **કુલ રૂા.** | **૨૦૦/–** | **૪૦૦/–** |

ઉપરોકત બાબતો ધ્યાને લઈને વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ નીચે મુજબનો ઠરાવ કરે તેવી વિનંતી છે.

**–: ઠરાવ :–**

આથી ઠરાવવામાં આવે છે કે, બેકરીશાળા, નવસારી ખાતે ચાલતાં એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોની પ્રવેશ ફી માં ઉપર સુચવ્યા મુજબ આગામી બેચથી વધારો કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૯.૬ : વિસ્તરણ શિક્ષણ યુનિટની કચેરીની તાંત્રિક જગ્યાઓનું નવું નામાભિકરણ કરવા બાબત...**

વિસ્તરણ શિક્ષણ યુનિટ હેઠળ વર્ષ ૧૯૭૫–૭૬ દરમ્યાન "એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી" (નોન પ્લાન : બ.હે. ૫૧૧૬) યોજના મંજૂર થયેલ હતી. સદરહુ યોજનામાં મંજૂર થયેલ તાંત્રિક જગ્યાઓના નામ હાલ જે તે જગ્યાની કામગીરી સાથે સુસંગત નથી તેમ જ વહિવટી દ્રષ્ટિએ પણ ગેરસમજ અને ગુંચવાડો ઉભો કરે છે, જેથી રાજયની અન્ય ત્રણ કૃષિ યુનિવર્સિટીઓની જેમ આ ત્રણ જગ્યાઓનું નવું નામાભિકરણ કરવું ખાસ જરૂરી છે. આ માટે નીચે કોઠામાં દર્શાવ્યા મુજબ સાદર દરખાસ્ત કરવામાં આવે છે.

| અ. નં. | યોજનાનું નામ અને બજેટ સદર | યોજના મંજૂર થયાનું વર્ષ | તાંત્રિક જગ્યાનું હાલનું નામ | પગાર ધોરણ | તાંત્રિક જગ્યાનું સૂચિત નવું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી (બ.હે. ૫૧૧૬) | ૧૯૭૫–૭૬ | કાર્યક્રમ વ્યવસ્થાપક | ૧૫૬૦૦–૩૯૧૦૦ (૬૦૦૦ ગ્રેડ પે) | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (માહિતી) |
| | | | માહિતી અધિકારી | ૧૫૬૦૦–૩૯૧૦૦ (૬૦૦૦ ગ્રેડ પે) | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (તાલીમ) |
| | | | માહિતી મદદનીશ | ૯૩૦૦–૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) | ખેતીવાડી અધિકારી |

આમ, ઉપર કોઠામાં દર્શાવ્યા મુજબ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારીની કુલ ત્રણ તાંત્રિક જગ્યાઓનું નવું નામાભિકરણ કરવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ મંજૂરી આપીને નીચે મુજબ ઠરાવ કરે તેવી વિનંતી છે.

**–: ઠરાવ :–**

વિસ્તરણ શિક્ષણ યુનિટ હેઠળ ચાલતી "એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી" (નોન પ્લાન : બ.હે. ૫૧૧૬) યોજનાની ત્રણ તાંત્રિક જગ્યાઓનું કોઠામાં સૂચવ્યા મુજબ નવું નામાભિકરણ કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૯.૭ : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થનાર મુદ્દાઓ...**